## સલામી સવારની..

### સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*મૂષકોની શક્તિ તો જૂઓ ! ધૂળ-ઢેફાંય ખાઈ ગયા!*
*મગફળી ન મળી તો ખાલી બારદાન ખાઈ ગયા!*
*ખાઈ ગયા છે તિજોરી દયામણા બનીને ખેડૂતો -*
*'સમાજ'ના નામે, સરકારને ધાકમાં ખાઈ ગયા !*

હાઈકુ

*રાત છે થોડી !*
*લૂંટ શકે તે લૂંટ -*
*મિલી ભગતે...*

*સમજે સૌને*
*બુદ્ધિ ના 'બારદાન'*
*પ્રધાનશ્રીઓ...*

### ચિંતન

*અભાવના વા વિપરીત ભાવના સમ્ભાવના વિપ્રતિપત્તિરસ્યાઃ ।*
*સંસર્ગયુક્તં ન વિમુચ્યતિ ધ્રુવં વિક્ષેપશક્તિઃ ક્ષપયત્યજસ્રમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આ (આવરણ શક્તિ)ના વશમાં આવેલાને અભાવના (કાંઈ ન સૂઝવું) વિપરીત ભાવના (ઉલ્ટું સૂઝવું), અસંભાવના (સત્યને અસંભવ માનવું) કે વિપ્રતિપત્તિ (સંશયગ્રસ્ય બનવું) છોડ્તાં નથી. વળી વિક્ષેપશક્તિ પણ તેને નિરંતર ક્ષીણ કર્યા કરે છે.

માનવ સ્વભાવ - મન - આત્મશક્તિ પર એક અજ્ઞાન - અંધકારનું આવરણ આવી જતાં માણસ સાચી પરિસ્થિતિ - વિચાર શક્તિ અને નિર્ણય શક્તિનો સૂઝબૂઝથી ઉપયોગ નથી કરી શકતો પરિણામે સશક્ત અને બુદ્ધિશાળી હોવા છતાં માર ખાઈ જાય છે.

જ્ઞાન-સાચી સમજ સત્સંગ દ્વારા જ આવે.

### સુવિચાર

- આપણને આત્મવિશ્વાસ કેમ નથી આવતો, કારણ કે આપણને 'હું' વળગેલો છે - **પ્રભાશંકર પટ્ટણી**
- સંબંધ બંધન નથી, પણ મુક્તિનું સાધન છે - **રણછોડદાસજી મહારાજ**
- ઈશ્વરનું નામ લેનારા નહીં, પણ ઈશ્વરનું કામ કરનારા લોકો આસ્તિક છે - **શ્રીગુરુજી**
- શિખર ઉપર તો કાગડોય બેસે છે, માણસની ખરી મહાનતા પાયાના પથ્થર બનવામાં છે. સત્ય એ પાયાનો પથ્થર છે - **અમૃતબિંદુ**
- જ્ઞાન જયારે જ્ઞાત ગણાય ત્યારે માણસ વ્યવહારુ બને - **ઓસ્કાર વાઈલ્ડ**
- આપણને મળેલા પ્રકાશ માટે ઈશ્વરનો આભાર માનવાનો સૌથી સુંદર માર્ગ એ જ છે - અંધકારમાં રહેલા કોઈ તરફ સહાયનો હાથ લંબાવવાનો - **હેલર કેલન**
- આજનું ઔષધ : નરણાં કોઠે લીંબુનો રસ બાળકને પીવડાવવાથી કરમીયાં મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

હીરાલાલ નામનો એક ઝવેરી બુદ્ધિશાળી હતો. સોના ચાંદીનો વેપાર કરી ખૂબ કમાતો હતો. એક વાર ભાગ્યએ કંઈક એવું પડખું ફેરવ્યું કે હીરાલાલ કરોડપતિમાંથી રોડપતિ થઈ ગયો.હીરાલાલ માટે એક વાત એવી પ્રચલિત થઈ ગઈ કે સવારમાં જે હીરાલાલનું મોં જુવે એને એ દિવસે ભોજન ના મળે. આવી વાત રાજાને કાને પહોંચી. રાજાએ હીરાલાલ ઝવેરીને દરબારમાં બોલવ્યા. બીજે દિવસે સવારે ઊઠીને સૌથી પહેલા હીરાલાલનું મોં જોયું... બપોર થઈ રાજા ભોજન કરવા ગયા. જયાં પહેલો કોળિયો મોં મા મૂકે તે પહેલા ભોજનમાં માખી પડી.. ભોજનનો ત્યાગ કરવો પડ્યો. રાજાને પણ એવો વિશ્વાસ પડ્યો કે હીરાલાલનું સવારમાં જુએ તેને ભોજન ન મળે... એણે ગુસ્સામાં આવી હીરાલાલને ફાંસી આપવાનો આદેશ આપી દીધો. ફાંસી આપતા પહેલા હીરાલાલને અંતિમ ઈચ્છા પૂછવામાં આવી. એટલે હીરાલાલે સોગઠી મારતા કહ્યું, મહારાજ, મારી અંતિમ ઈચ્છા એ છે કે હું એ વાતનો પ્રચાર કરું કે મારું મોં સવારે જોવાથી લોકોને એ દિવસે ભોજન નથી મળતું અને જો સવાર સવારમાં જો રાજાનું મોં જોવાઈ જાય તો એને ફાંસી મળે છે.' રાજાને હીરાલાલની વાત સમજાઈ. તેણે ફાંસીનો હુકમ રદ્દ કર્યો. અને રાજાએ કહ્યું, 'ભલે હીરાલાલને નસીબે કરોડપતિમાંથી રોડપતિ બનાવ્યો પણ એ છે ચતુર અને બુદ્ધિશાળી.'

# બલિદાન પર્વની અદબ જાળવીએ

**તંત્રીસ્થાનેથી...**

આપણો દેશ બહુવિધ સંસ્કૃતિનો દેશ છે. તહેવારો એ આપણી ઓળખ છે. ઈદ એ મુસ્લિમ સમાજનો લોકપ્રિય ધાર્મિક તહેવાર છે. સમજાન ઈદને મીઠી ઈદ કહે છે. બકરી ઈદમાં બલિ અપાતો હોઈ એ જરા હિંસક લાગે એવું પર્વ છે. પરંતુ મુસ્લિમો માટે તો એ એક ફરજિયાત કરવું પડે એવું યજ્ઞકર્મ છે. કર્મકાંડની પરંપરાને વળગી રહેવા ટેવાયેલી પ્રજા માટે એમાંથી ચલિત થવું અઘરું બની જાય છે. બકરી ઈદમાં જીવનું બલિદાન અપાતું હોય છે. શ્રાવણ માસમાં જ આ પ્રકારનો ઉત્સવ આવતો હોય ત્યારે સ્વાભાવિક છે કે હિંદુઓનું મન દુભાય. અલબત્ત, આ વાત મુસ્લિમ બંધુઓ સુપેરે સમજે પણ છે, પણ એથી પરંપરાને કેવી રીતે છોડી શકાય ? બકરી ઈદના ઉત્સવ પ્રસંગે ગૌવંશનું બલિદાન ન અપાય એટલું ધ્યાન એ જરૂર રાખે છે. ખરું પૂછો તો ઈદ હોય કે માતાજીનો ઉત્સવ - એમાં જીવહિંસાને સ્થાન ન હોવું જોઈએ. ઈશ્વર, માતાજી કે અન્ય દેવીદેવતા બલિ વિના રીઝશે નહીં. એમનો કોપ ઊતરશે એવી વહેમભરેલી માન્યતાને કારણે ચામુંડા-કાલી અને મેલડી સહિતની માતાઓ આગળ તેમજ બકરી ઈદ જેવા તહેવારો નિમિત્તે અસંખ્ય નિર્દોષ જીવોની બેરહેમીપૂર્વક કતલ થતી રહે છે. ઈશ્વર, અલ્લાહ કે માતાજીને મન તો જીવ માત્ર એના સંતાન જેવો વહાલો હોય. એનું લોહી વહેવડાવીને કે એને ત્રાસ આપી મારી નાખવાથી એ થોડાં તૃપ્ત થતાં હોય ? પરંતુ માનવીનું મન બહુ જ વહેમીલું છે. વળી એને માટે જીભના ચટકા પણ એટલા જ મહત્ત્વના હોય છે. આથી ગમે તેટલા મહાન સાધુસંતો કે ઓલિયા આવા કર્મકાંડ વિરુદ્ધ ચળવળ ઉપાડે તો પણ આ વર્ષોથી પડી ગયેલી હિંસક પરંપરાઓ અટકતી નથી. જૈનધર્મ એક માત્ર એવો ધર્મ છે જેમાં હિંસાને મુદ્દલ સ્થાન નથી. ગાંધીજીએ અહિંસાનો શસ્ત્ર તરીકે ઉપયોગ જરૂર કર્યો પણ એ આવા નિર્દોષ જીવોની બિનજરૂરી હિંસા અટકાવી કે ઓછી ન કરી શક્યા. ભગવાન બુદ્ધ અને મહાવીરને હિંદુ સનાતન ધર્મની સામે નવા ધર્મ સંપ્રદાયો સ્થાપવા પડ્યા એનું કારણ હિંસક યજ્ઞો હતા, જેમાં મનુષ્ય સુધ્ધાં વધેરાતા હતા. આવી નરમેધની છૂટીછવાઈ ઘટનાઓ તાંત્રિકોના કર્મકાંડો લેખે આજે પણ કયાંક કયાંક નોંધાતી રહે છે. નિર્દોષ પશુપંખીઓને માટે તો કુદરતી મૃત્યુ એક સપનું બની ગયું છે. કતલખાનાં ધમધમે છે. માંસના વેપારથી સરકાર પણ જાડું હુંડિયામણ રળે છે. બકરી ઈદ જેવા ત્યાગ અને સમર્પણના પર્વ પર આવું કરુણામય ચિંતન પણ થવું જોઈએ. ઈદની પવિત્રતા લોહી છાંટવા કરતાં એવા જીવોને જીવનદાન આપવાથી વધુ રણિયાત બનશે. બલિદાનનું આ મહાપર્વ કરુણામય બની શકે ! હિંદુ-જૈન-મુસ્લિમ સમુદાય વચ્ચે આ મુદ્દે પ્રવર્તતી સૂગ દૂર થશે અને કોમી સંવાદિતા વધશે. જરૂર છે કોઈ બૌદ્ધિક મુસલમાનો જૂથ દ્વારા આગેવાની લઈ આ હિંસાનું તાંડવ અટકાવવાની.

# શ્રાવણ મહિનો છે, ભાવિક ભક્તોની ભીડ જામી હશે...

### નવાં કલેવર
નટવર હેડાઉ

આખું શહેર શોકમાં ડુબેલું હતું. શહેરના લોકપ્રિય સમાજ સુધારક ઉદ્યોગપતિ શેઠ જગમોહન દાસનું અવસાન થઈ ગયું હતું.

શેઠના બંગલાના વિશાળ પ્રાંગણમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. રસ્તાની બંને બાજુએ અને સામેના ખુલ્લા મેદાનમાં વાહનો પાર્ક કરી કરીને લોકો આવી રહ્યા હતા.

ઘરની બહાર સૌ પોતાના પ્રિય સમાજસેવી ને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા હતા. રાજયના મુખ્યમંત્રી પણ પોતાના મંત્રીમંડળ સહિત આવ્યા હતા.

મોટા બંગલાની બહાર ભીડ જોઈને એક ભિખારી પોતાની આંધળી માંનો હાથ પકડીને લઈને આવી ગયો હતો. તેને એમ લાગેલું કે મિજબાની હશે તેથી તે સમૂહમાં ઉભેલા વ્યક્તિઓની સામે હાથ ફેલાવી માંગવા લાગ્યો.

'બાપા, બે દિવસથી કંઈ ખાધું નથી. માં આંધળી છે. કોઈ કામ પણ મળતું નથી. મારી પર થોડી દયા કરો.'

ભિખારીનો અવાજ સાંભળી નજીકમાં જ ગૃહમંત્રી ઊભા હતા. તેમણે તેને બોલાવ્યો અને કહ્યું, 'તને દેખાતું નથી. અહીં શહેરની મોટા શેઠનું નિધન થયું છે અને તું ભીખ માંગે છે. શરમ નથી આવતી ચાલ ભાગ અહીંથી...'

ભિખારીએ ઉદાસ થતાં કહ્યું, 'સાહેબ મને ખબર નહોતી. શેઠજી ભગવાન પાસે જતા રહ્યા છે. તેમને આંગણેથી અત્યાર સુધી કોઈને ખાલી હાથ જવું પડ્યું નથી. તે ખૂબ દયાળું અને માયાળું હતા. ગરીબ, લાચાર કે જરૂરતમંદને તે પાસે બોલાવતા અને તેની વ્યથા સાંભળતા. દરેકને જરૂરિયાત મુજબ મદદ કરતા. પણ આજે મને આશ્ચર્ય લાગ્યું. આટલી બધી ગાડીઓ અને વાહનો એક સામટાં કેમ આવી ગયા હશે. મારી આંધળી માં તો આવવા તૈયાર જ ન હતી પણ મેં કહ્યું, 'માં આચટલા બધાને જો કંઈ ને કંઈ મળતું હશે તો આપણે પણ ખાલી હાથે પાછા ફરવું નહીં પડે.'

'બેટા, મને અહીંથી દૂર લઈ જા, આજે અહીંનું વાતાવરણ કંઈ બરાબર લાગતું નથી. આપણે રહ્યાં નાના ભિખારી, મોટાંની વચ્ચે ન આવવું. સાંભળ્યું નહીં શેઠજી તો હવે રહ્યા નથી. તો પછી આપણું અહીં શું કામ, ચાલ મને મંદિરની સામે લઈ જઈ બેસાડી દે. શ્રાવણ મહિનો છે. ભાવિક ભક્તોની ભીડ જામી હશે. તેમાં કોઈકને તો જરૂર આપણા પર દયા આવશે.'

'માં, મને તો આ દુનિયાની રીત સમજાતી નથી. મહાદેવની માથે અભિષેક કરે છે તેના અર્ધા ભાગનું દૂધ ભૂખ્યા ગરીબ બાળકોને પીવડાવાય તો શિવજી કેટલા પ્રસન્ન થાય. અને બીલીના ઝાડને ઠુંઠાં બુઠ્ઠાં કરી નાંખે છે. તેના કરતા બીલીનો છોડ વાવી તેનું જતન કરાય તો બારેમાસ ભગવાન રાજી રહે કે નહીં.'

'અરે, સિક્યોરિટી શું ઊભા ઊભા જોઈ રહ્યા છો. આ ભિખારીઓને બહાર કાઢો.'

મોબાઈલ પર મશગુલ મંત્રીનું અચાનક ધ્યાન જતાં તેમને સિક્યોરિટીને કહ્યું.

સાહેબનો હુકમ સાંભળી બે સિક્યોરિટીના માણસો દોડી આવ્યા. આંધળી ભિખારણ અને તેના છોકરાને પકડી બહાર કાઢવા લાગ્યા. ત્યારે પેલા ભિખારીએ કહ્યું, સાહેબ ભૂલ થઈ ગઈ, માફ કરજો. હું તો ભીડને જોઈને આવી ગયો હતો. મને એમ કે કોઈ જમણવાર હશે. સાહેબ શેઠજી પણ ભૂખ્યા તો ગયા નહીં જ હોય ને ! કેમ કે ભૂખ તો દરેકને લાગે છે.'

આટલું કહી ભિખારી સિક્યોરિટી વાળાનો હાથ છોડાવી તેની માં ને લઈ ચાલતો થયો.

મંત્રી મહોદય ભિખારીને જોઈ રહ્યાં.

# માનવીય સંબંધોને વિકસાવવાનો અને નિભાવવાનો આખરે હેતુ શું?

### આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

માનવીય જીવન નદીના પ્રવાહ જેવુ છે. કાયમ માટે સપાટ મેદાનમાથી જ વહેવા જેટલું સુખ નદીના ભાગ્યમાં નથી હોતું. નદીને અનેક ચડાવ ઉતરવમાથી પસાર થવું પડતું હોય છે. માનવીનું પણ એવું જ છે. જીવનમાં પણ અનેક ચડાવ-ઉતરાવ આવતા હોય છે. ક્યારેક સુખ તો ક્યારેક દૂઃખ, ક્યારેક સગવડતા ઓ ક્યારેક અગવડતા, ક્યારેક હર્ષ તો ક્યારેક આંસુ, ક્યારેક વિષાદ તો ક્યારેક આનંદ અને ક્યારેક હાસ્ય તો ક્યારેક રુદન. જીવનમાં જયારે સુખ અને આનંદ હોય છે ત્યારે એ ખુશીની પળો માણવા માટે પણ વ્યક્તિને પોતના સંબંધીઓની જરૂર પડતી હોય છે . વ્યક્તિ ક્યારેય એકલી આનંદ લૂતી શકતી નથી. કોઈપણ પ્રકારની ખુશી કે આનંદની પળ વહેંચવા માટે પણ સંબંધની આવશ્યકતા હોય છે. વ્યક્તિ કોઈપણ પ્રકારની સિધ્ધી હાંસલ કરે, કોઈ ખુશીનો પ્રસંગ હોય, તો વ્યક્તિ એ ખુશી વહેંચવા માટે કોઈને નિમંત્રિત કરતી હોય છે. સંબંધો થકી જ આ પ્રકારના પ્રસંગો ઉજળા બનતા હોય છે અને વ્યક્તિની ખુશી પણ બમણી હતી હોય છે. સંબંધો બાધવાનો અને નિભાવવાનો આ પણ એક હેતુ હોય છે.

કેટલાક સંબંધો કોઈ જ હેતુ વિનાનાં હોય છે. કોઈપણ પ્રકારનાં કામ વિના માત્ર સમય પસાર કરીને આનંદ માણવા માટેના કેટલાય સંબંધો હોય છે. જ્યારે પણ ફાજલ સમય મળે ત્યારે બે-પાંચ મિત્રો, બે-પાંચ સહેલીઓ, સાથે મળીને, ગપ્પાં મારીને, ખાઈ-પીને, મોજ કરીને, રખ્ખડપટ્ટી કરીને કોઈ પણ પ્રકારના હેતુ વિના એકબીજાને મળીને સમય પસાર કરતાં હોય છે. આ પ્રકારે મળવું અને નિર્દોષ આનંદ માણવો એ પણ જીવનને પ્રફુલ્લિત રાખવા માટે જરૂરી હોય છે. આ રીતે બે-પાંચ મિત્રો કે સંબંધીઓ મળવાથી પોતાના મનને હળવું ફૂલ બનાવી શકે છે, જીવનમાં નવી સ્ફૂર્તિ અને તાજગી લાવી શકે છે અને જીવનને નવપલ્લવિત કરી શકે છે. સંબંધોમાં આ પ્રકારની અનૌપચારિકતા અને અહેતુક મુલાકાતો પણ જરૂરી અને મહત્વની હોય છે. આ પ્રકારની મુલાકાતો થકી સંબંધો વધુ ગાઢ બનતા હોય છે કારણ કે કોઈપણ પ્રકારના પ્રયોજન કે હેતુ વિના એકબીજાને મળવાથી મિત્રો અને સંબંધીઓ વધારે ખૂલતાં અને ખિલતા હોય છે.

સંબંધો થકી વ્યક્તિ ગૌરવન્વિત થતી હોય છે. આપણી સાથે સંબંધો રાખીને કેટલીક વ્યક્તિઓ ગૌરવ લેતી હોય છે તો કેટલીક વ્યક્તિઓ સાથે સંબંધો રાખીને એ સંબંધોનું આપણે ગૌરવ લેતા હોઈએ છીએ. વ્યક્તિના પોતાના જેટલા વધારે સાચુકલા સંબંધો એટલું વધારે ગૌરવ. વ્યક્તિ પાસે વધારે સંપતિ હોય, વ્યક્તિની સમાજમાં વધારે પ્રતિષ્ઠા હોય, વ્યક્તિ વધારે ઊંચો હોદ્દો ધરાવતી હોય, વ્યક્તિ પાસે વધારે સતા હોય, તો વ્યક્તિ તેનું વધારે ગૌરવ લેતી હોય છે. એવું જ સંબંધોનું છે. સંબંધો પણ એક ઘરેણું છે. સંબંધો એક સંપતિ છે. સંબંધો એક અસ્ક્યામત છે. સંબંધો એક રોકાણ છે. સંબંધો એક નિવેષ છે. સંબંધો આ બધુ જ છે તેથી વ્યક્તિ તેના થકી ગૌરવન્વિત થતી હોય છે. જે રીતે નાણાનું રોકાણ વ્યક્તિને વળતર આપે છે એવી જ રીતે સંબંધોમાં કરેલું રોકાણ પણ કોઈ ને કોઈ રીતે વળતર આપી શકે છે. વ્યક્તિના જીવનમાં જો સૌથી વધારે ગૌરવ લેવા જેવી સંપતિ હોય તો એ સંબંધોની સંપતિ છે. સંબંધો સાચવવાનો આનાથી વિશેષ હેતુ બીજો શું હોય શકે?

જીવન જીવવા માટે વ્યક્તિને કોઈ ને કોઈ સધિયારાની જરૂર પડતી હોય છે. જીવનની સફર દરમ્યાન કઈ કેટલાયે મોડ એવા આવતા હોય છે જ્યાં વ્યક્તિ પોતાની જાતને એકલી અને અટૂલી મહેસુસ કરતી હોય છે. આ સમયે વ્યક્તિને એકલતા ઘેરી વળતી હોય છે. એ સમયે વ્યક્તિના સાચુકલા સંબંધો જ સધિયારો અને હુંફ આપી શકે છે. વ્યક્તિને એકલતાના અંધકારમાંથી તેના સાચા સંબંધો જ પ્રકાશ તરફ દોરી જઈ શકે છે. કોઈપણ વ્યક્તિ માટે એકલતમાં દિવસો પસાર કરીને જીવવું કઠિન હોય છે. સંબંધો થકી જ, સંબંધોની સાથે, સંબંધીઓની સથવારે વ્યક્તિના દિવસો, વર્ષો અને પૂરું આયખું પળવારમાં પસાર થઈ જાય છે. સંબંધો વિના જે પળ એક યુગ જેવી લાગતી હોય છે અને એ જ પળો સંબંધો સાથે પલક્વારમાં પસાર થઈ જાય છે. આપણાં સંબંધોનો એક હેતુ આ પણ હોય શકે.


જ્યારે જ્યારે આપણે નવા સંબંધોને વિકાસાવીએ છીએ ત્યારે જો આપણે કોઈક હેતુસર જ સંબંધોને આગળ વધારતા હોઈએ તો કદાચ એ આપણી મોટી ભૂલ છે. કોઈપણ પ્રકારના હેતુઓને ધ્યાનમાં રાખીને જ જો આપણે સંબંધોને સાચવવા માટે પ્રયત્નો કરતાં હોઈએ તો આપણે કદાચ ખોટા રસ્તે જઈ રહ્યા છીએ. સંબંધો થકી આપણને કૈંક તો પ્રાપ્ત થશે જ એવું માનીને જ સંબંધોને સ્થાપિત કરતાં હોઈએ તો ભવિષ્યમાં એ સંબંધો થકી આપણને કદાચ ઘોર નિરાશા જ મળે એવી શક્યતાઓને નકારી શકાય નહીં. સંબંધો થકી જે કઈ પ્રાપ્ત થવાનું હોય એ આપમેળે થતું હોય છે. તેના માટે જો પ્રયત્ન જ કરતાં રહીએ તો એ પ્રયત્નો ક્યારેક વ્યર્થ જ સાબિત થઈ શકે છે.

કોઈપણ પ્રકારના હેતુને મનમાં રાખ્યા વિના સ્થાપિત કરેલા સંબંધો જ એ સંબંધોને પૂર્ણતા તરફ લઈ જઈ શકે છે. કોઈ જ મનુષ્ય ક્યારેય પૂર્ણ નથી હોતો અને છતાં દરેક મનુષ્ય પોતાની જાતને પૂર્ણ માનતો હોય છે. આપણે જો આપણી જાતને અપૂર્ણ માનતા હોઈએ તો એ માન્યતા આપણી પૂર્ણ તરફ ગતી કરવાની શરૂઆત છે. આપણાં સંબંધોનો હેતુ આપણી એ અપૂર્ણતાને પૂર્ણ કરવા માટેનો હોય તો એ આપણી મૂર્ખતા સિવાય બીજું કશું જ નથી. આપણાં સંબંધોનો હેતુ આપણી અપૂર્ણતાને સંબંધીઓ સમક્ષ પૂર્ણ રીતે ખુલ્લી કરી, આપણી અપૂર્ણતાને સંબંધી સમક્ષ અભિવ્યક્ત કરીને એકબીજાના પૂરક બનવાનો હોય છે. સંબંધોમાં જો આટલું કરી શકીએ તો એ આપણી પૂર્ણતા તરફનું પ્રયાણ હશે અને એ સંબંધો થકી જ આપણે પૂર્ણતાને પામી શકીશું.

# સુવિધાઓને માન્યુ સુખ એટલે દુ:ખ ભરપૂર

### જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

દિવસ અને રાત કાળનાં ક્રમવાળા ચક્રો છે એ સમયની ચાલ છે. જેમાં સજીવ સૃષ્ટિનું કંઈ ઉપજતું નથી. કાલનો કાલ એ મહાકાલ છે. માનવ માત્રને જિંદગી મળી છે તેથી જીવવું ફરજિયાત છે. હવે તે કઈ રીતે જીવવું એ તેની જ વિવેકબુદ્ધિ પર નિર્ભર થાય છે. માબાપા, પરિવાર, સંતાનો એ બધું ઋણાનુબંધના નિયમાનુસાર પ્રાપ્ત થાય છે એટલે તેમાં સ્વીકૃતિ યા અસ્વીકૃતિનો સવાલ જ હોતો નથી! એકવીસમી સદી શરૂ થઈ અને વિશ્વ સ્પર્ધાત્મક થવામાં તીવ્ર થયું પરિણામે દરેકની જીવનશૈલી, વિચારધારા અને વર્તનમાં જબરા પરિવર્તનો આવી ગયા છે. ગ્લોબલ વર્ક કલ્ચર સામે ભારતમાં લોકોની માનસિકતા હજી લોકલ જ રહી છે તેથી સમસ્યાઓ પણ ઊભી થઈ છે. નિર્ણયકતામાં દરેક કક્ષાએ ભારે તફાવત છે અથવા એ સમયની માંગ મુજબ ગતિવાન નથી. બીજું આપણા લોકોની ભૌતિક સુખ સુવિધાની ભૂખ વધુ પ્રબળ થઈ રહી છે. ભોગવાદ અને ભૌતિકવાદના તીવ્ર અસ્તિત્વના લીધે દેશમાં નહીં ઘટવા જેવી ઘટનાઓ સતત બની જ જાય છે સવલત અને સુવિધાઓ પણ અંતે આપણી જ અંગત માન્યતા અને વિચારધારા સાથે સંલગ્ન હોય છે જ ! પરંતુ સુવિધાને સુખ માનવું એ મોટી ભૂલ હોય છે. જેમ સુવિધાઓ વધુ તેમ પ્રગતિ કે વિકાસના માર્ગે ઉપલબ્ધ થતી શક્તિઓ મળવાની શક્યતા ઓછી. એક અનાથ છોકરો કે છોકરી વયસ્ક થાય ત્યાં સુધીમાં એ જીવનનું સત્ય જરૂર જાણી લેતો હોય છે અને જીવન સંઘર્ષમાં એ પાછી પાની કદી કરે જ નહીં. બહું સુવિધા માનવીને પાંગળો કરી મૂકે છે.



એ સત્ય આપણે સ્વીકારવું પડે છે. સક્ષમતા એ ગરીબોની કરી મૂડી હોય છે. મનથી ભાંગી ના પડે એ ભવસાગરની સફરમાં જીતી જાય છે. સંઘર્ષ જીવન વિકાસ માટે પરમ આવશ્યક બાબત કહેવાય છે.

ગુલઝાર સાહેબનો એક સુંદર શેર છે.

મિલતા તો બહુત કુછ હૈ
ઈસ જિંદગી મેં
બસ હમ ગિનતી ઉસી કી
કરતે હૈ જો હાંસિલ ના હો
સકા.

ઈશ્વરે બધાને તેમની લાયકાત મુજબ બધુ જ આપ્યું હોય છે પણ જે નથી મળ્યું તેની ગણતરી કરી કરીને માનવી સતત દુ:ધનો અહેસાસ કરે છે. એક નિરોગી સ્વસ્થ તન મળ્યું એ જ પ્રભુની પ્રથમ સૌથી મોટી ભેટ કરી શખાય. બીજુ ઘરનું નિર્વાહ થાય એટલી આવક મળે તો બીજું શું જોઈએ ? કરોડો કમાઈ કરનારાઓ નિરાંતે કુદરતી નિંદર પણ કરી શકતા નથી. અને જીવનના અંતે બધું એમ જ પડ્યું રહે છે !! જીવન જે ઉપલબ્ધ છે તેને માણસ ઈશ્વરની કૃપા ગણી વધાવી લે એ જ ખરો ગૃહસ્થી છે.

જિંદગી તુમ બહુત
ખુબસૂરત હો
ઈસલિયે મૈં ને તુમ્હો
સોચના બંધ
ઔર જીના શરૂ કર દિયા
હૈ...!

જલન માતરીનો સુંદર શૅર સમજવા જેવો છે.

તકદીર ખુદ ખુદાએ
લખી પણ ગમી નથી,
સારૂં થયું કે કોઈ મનુજે
લખી નથી !

સુખ-દુ:ખ ઘટ સાથે ઘડાયેલા છે એ તો રહેવાના જ છે. પરંતુ આનંદી કાગડાની વાર્તાની જેમ માણસે સહજતાથી પરિસ્થિતિનો આદર કરવો જરૂરી છે તો દુ:ખના દિવસો કદી આવી શકતે નહીં.

ગૌરાંગ ઠાકરનો આ શૅર જીવનની સચ્ચાઈ કહે છે :

હું દુર્ભાગ્ય ને ધૂળધાણી
કરું છું
જયાં પાણી નથી ત્યાં
ઉજાણી કરું છું!

ઉજાણી કરતા કરતા જીવવું અર્થાત્ નહીં ગમતી બાબતોને પગ તળે કચડી નાંખવી અને એ જ મર્દાનગી ની સાચી ઓળખ હોય છે. જેને વંચિત કહીએ છીએ એ ખરા અર્થમાં જીવનશક્તિથી સંચિત હોય છે. સહન કરવું એ સદ્ગુણ છે. પણ અન્યાય સામે લડવું એ ધર્મ છે. જીવન આપણી ઈચ્છાઓ મુજબ કદી ચાલતુ નથી માટે સમજણ કેળવવી પડે છે.

આધુનિક યુગના માતાપિતા પોતાના સંતાનોને જરા પણ અસુવિધા ના પડે તેનો જબરો ખ્યાલ રાખે છે એટલે જ આવા સંતાનો પોતાની આંતરિક શક્તિઓ કેળવવા તરફ જઈ શકતા નથી. સુવિધાઓ એ સુખ નથી, ખરુ સુખ પરિશ્રમથી પરિસ્થિતિને બદલવામાં જ મળતું હોય છે અને સોનેરી નિયમ છે.

અમૃત ઘાયલનો મજાનો શૅર બહુ જ કહી જાય છે.

'લાગે છે એ જ લાગશે
કયારેક ખપ મને
પહોંચાડશે તળાવ સુધી
ખુદ તલપ મને.'

તલપ હોય તો તળાવ સુધી સરળતાથી જઈ શકાય છે. તલપ અર્થાત્ જીજીવિષા કે જે માનવીને સંઘર્ષ કરવા માટે પ્રેરે છે. આજે સરખામણી કરી કરીને લોકો દુ:ખી હોવાનો માહોલ સર્જે છે. ઈશ્વરના આયોજનમાં ભૂલ કદી હોતી જ નથી પણ આપણી દૃષ્ટિ પણ ઉમદા થતી નથી તેથી પીડા છે.

**શેર આસ્વાદ :**
ઘર બંધ ડર મેં લાપત્તા
લોગ હૈ ઘરમેં લાપત્તા
તુમ બહારોં મેં ખો ગયે
હમ હૈ પતઝડ મેં લાગત્તા.